ક્રમાંક: જમન/૨૯-સા/બ/7822-25/૨૦૨૨-૨૩,
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ની કચેરી,
ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન બ્લોક નં. એ-૩
ચ-૩ સર્કલ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ સામે,
સેકટર ૧૦, ગાંધીનગર, તા.20 /૦૨/૨૦૨૩

**વિષય:** Diversion of 27.051 Ha. Forest land for Non-forest purpose in Reserved Forest land widening of Khokhara Gujarat Border-Vijaynagar-Antarsumba-Mathasur Road in Taluka Vijaynagar, Idar & Vadali in District Sabarkantha in Gujarat State. (Online Proposal No.:FP/GJ/ROAD/50927/2020)

**સંદર્ભ:** મુખ્ય વન સંરક્ષકશ્રી, ગાંધીનગર વન વર્તુળ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: વસંધા/૧૭/અ/૧૭૫૬-૫૭/૨૦૨૨-૨૩, તા.૨૩/૦૧/૨૦૨૩

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, હિંમતનગર દ્વારા વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ રોડન વાઈડનીંગ તેમજ સ્ટ્રેન્થનીંગ કરવા માટેની માટેની ૨૭.૦૫૧ હેકટરની પ્રોટેકટેડ ફોરેસ્ટની માંગણીની દરખાસ્તમાં નીચે જણાવ્યા મુજબની ક્ષતી જણાય છે.

(૧) એનેક્ષર-૫ માં યુઝર એજન્સી દ્વારા કોસ્ટ બેનીફીટ એનાલીસીસ સાદર કરેલ છે તે એફસીએ ગાઇડલાઇન્સ-૨૦૧૯ મુજબના નમૂનામાં નથી, જેથી નિયત નમૂનામાં કોસ્ટ બેનીફીટ એનાલીસીસ તૈયાર કરી પાર્ટ-૧માં અપલોડ કરવુ.

(૨) દરખાસ્તમાં માર્કિંગ ખરડા તથા અન્ય ગુજરાતી પત્રકો સામેલ રાખેલ છે, જેથી એનેક્ષર-૧૬ માં ફક્ત ગર્થવારી પત્રક જ રાખવુ તથા અન્ય ડોક્યુમેન્ટ ફાઇલમાંથી કાઢી લેવા.

(૩) દરખાસ્તમાં જ્યાં નાયબ વન સંરક્ષકશ્રીનો હોદ્દો છે ત્યાં નાયબ વન સંરક્ષકશ્રીના નામનો ઉલ્લેખ નથી.

(૪) માંગણીવાળો વિસ્તાર રિઝર્વ ફોરેસ્ટનો ભાગ હોઈ વળતર વનીકરણ માટે યુઝર એજન્સી પાસેથી બિન-જંગલ જમીન મેળવવાની થાય, જેની વિગતો યુઝર એજન્સી પાસેથી મેળવી સાદર કરવી.

(૫) ઓનલાઇન પાર્ટ-૨ માં નાયબ વન સંરક્ષકશ્રીના રેકમેન્ડેશનના બદલે યુઝર એજન્સી તરફથી રજુ કરેલ જસ્ટીફિકેશન સર્ટિફિકેટ અપલોડ કરવામાં આવેલ છે.

(૬) ઓનલાઇન પાર્ટ-૨ માં Additional Information માં જસ્ટિફિકેશન સર્ટિફિકેટ તેમજ યુઝર એજન્સી દ્વારા માંગણી કરવામાં આવેલ વિસ્તારનો ટોપોશીટ મેપ અપલોડ કરવામાં આવેલ છે.

(૭) વળતર વનીકરણ માટે સૂચવેલ વિસ્તારનું ડી.એસ.એસ. એનાલીસીસ કરતાં સીએ માટે સૂચવેલ વિસ્તાર Moderately Dense Forest માં આવે છે. ડી.એસ.એસ. એનાલીસીસની નકલ ઇ-મેઇલ ઉપર મોકલવામાં આવેલ છે જેથી અન્ય ખુલ્લો વિસ્તાર પસંદ કરી રિવાઇઝ કે.એમ.એલ. ફાઇલ, સીએ સ્કીમ તથા મેપ ઇ-પોર્ટલ ઉપર અપલોડ કરવા.

(૮) પાર્ટ-૨માં સીએ સ્કીમ, જીઓ રેફરન્સ મેપ તથા ટોપોશીટ મેપ અપલોડ કરવામાં આવેલ નથી.

(૯) દરખાસ્ત પેજ નંબર આપવામાં આવેલ નથી.

આ સાથે મૂળ દરખાસ્ત ચાર પ્રતમાં પૂર્તતા માટે પરત કરવામાં આવે છે તથા હવે પછી અત્રે ત્રણ પ્રતમાં સાદર કરવા વિનંતી છે.

(ડૉ. જયપાલ સિંહ)
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
ગાંધીનગર વન વર્તુળ, ગાંધીનગર

**નકલ રવાના:-** નાયબ વન સંરક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

**નકલ રવાના:-** નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ પેટા વિભાગ, ઇડર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

D:\...\Gandhinagar Circle\27.051\letter.docx

ક્રમાંક:- વસંઘા/૨૦/બ/ ૫૭૫૮ /૨૨-૨૩
ગાંધીનગર, તા: ૧૭ /૦૩/૨૦૨૩

નકલ રવાના નાયબ વન સંરક્ષકશ્રી,
સાબરકાંઠા - હિંમતનગર તરફ જાણ તેમજ ઉપરોક્ત મુદ્દા નંબર ૧ થી ૯ ની સાનુકૂલિક પૂર્તતા કરી દરખાસ્ત પુનઃ- સાદર કરવા જણાવવામાં આવે છે. સદર દરખાસ્ત ચાર પ્રતમાં પૂર્તતા માટે અસલમાં પરત કરવામાં આવે છે.

મુખ્ય વન સંરક્ષક
ગાંધીનગર વન વર્તુળ,
ગાંધીનગર વતી

૭-૧૪
21 MAR 2023

Comply Urgent.
21/3

ક્રમાંક:- બ/જમન/વજ/ ૯૭૫૬ /૨૦૨૨-૨
હિંમતનગર તા. ૨૩/૦૩/૨૦૨૩

નકલ રવાના :- નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી રાષ્ટ્રીય ધોરી માર્ગ પેટા વિભાગ, પંચાયત રેસ્ટ હાઉસની બાજુમાં, ઈડર તરફ જાણ તેમજ મુદ્દા નં-૨ અને ૪ માં જણાવ્યા મુજબની પ્રતિ અંગે પૂર્તતા કરી અહેવાલ અત્રે મોકલવા વિનંતી છે. જેથી દરખાસ્ત મંજૂરી અંગે આગળની કાર્યવાહી હાથ ધરી શકાય.

નાયબ વન સંરક્ષક
સાબરકાંઠા વન વિભાગ
હિંમતનગર